સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન

પંખ

અંક 22 | નવેમ્બર 2017

બોલ હે ઈશ્વર! મને કંડારવામાં-
આંગળાની ભૂલ છે કે ટાંકણાની?
- અનિલ ચાવડા

www.knowbbm.com

સંપાદકની કલમે

- યાજ્ઞિક વઘાસિયા
yavaghasia.99@gmail.com

उदास रहता है मोहल्ले में बारिशो का पानी आजकल,
सुना है कागज की नाव बनाने वाले बच्चे बड़े हो गए|
- अज्ञात

બાળપણના દિવસોમાં પાછું જવાનું કોને ના ગમે? ગઈ ચૌદ તારીખે આપણે ચાચા નેહરુનો બર્થડે મનાવ્યો. હકીકતમાં તો 'પંખ'ના માધ્યમ દ્વારા આપણે એક અઠવાડિયા સુધી બાળપણમાં ટહેલવા ગયા. 'પંખ'ના ફેસબુક પેજ, ફેસબૂક આઈડી અને ઇન્સ્ટાગ્રામમાં આપણે બાળસાહિત્યની કેટલીક અમર કૃતિઓ માણી અને બાળપણમાં સ્કૂલમાં ભણેલી આપણા માનસપટમાં અત્યારે ઝાંખી પડી ગયેલી કવિતાઓ પરથી ધૂળ ખંખેરી. સાથે સાથે બાળપણના એક બેંચ પર બેસતા મિત્રોને પણ યાદ કર્યા અને અમુક યાદો ફરી સજીવન કરી. જેની 'ગુજરાત સમાચાર'એ પણ નોંધ લીધી.

ચૂંટણીનો માહોલ ગર્મજોશમાં છે. ભાજપ અને કોંગ્રેસના સપોર્ટર્સ એકબીજાને ટ્રોલ કરવામાંથી ઊંચા નથી આવતા. સોશિયલ મીડિયામાં બસ આવું જ જોવા મળે છે. મિત્ર મહેન્દ્ર પોશીયાની એક પોસ્ટમાં વાંચ્યું હતું કે, "ચૂંટણી પત્યા પછી, 'કયા પક્ષના કેટલા વોટ ઓછા થયા', એની સાથે 'પોતાની યાદીમાંથી કેટલા મિત્રો ઓછા થયા', એનોય ક્યાસ કાઢજો."

થોડા દિવસ અમુક ટેકનીકલ પ્રોબ્લેમ્સને લીધે અમારી યુટ્યુબ ચેનલ બંધ હતી. હવે ફરીવાર ચાલુ થઇ ગઈ છે અને હવે અમે રેગ્યુલર વિડીઓસ અપલોડ કરવાના છીએ, તો અત્યારે જ જો ચેનલ સબસ્ક્રાઇબ ના કરી હોય તો, નીચેની લિંક પર જઈ કરી લો. અમારા મેઈલ પર સંપર્કમાં રહો અને આપના વિચારો અમને જણાવો.

અમે સતત કંઇક નવું આપવા માટે તત્પર છીએ. તમને ગમે તો અમને બિરદાવો અને તમારા મિત્રો સુધી અમને પહોંચાડો.

Youtube Channel :- https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

ટપકું

જો તમે કોઈને કંઈ દેવા જ ઈચ્છો છો, તો એમને 'સારો સમય' આપો. કેમ કે, તમે બધી વસ્તુ પાછી લઇ શકો છો, પણ કોઈને આપેલો 'સારો સમય' પાછો લઇ શકતા નથી.

લપડાક

- મનોરી શાહ
manorishah@gmail.com

કોણ કહે છે કે આપણા દેશમાં અજ્ઞાનતા છે? પોલીટીક્સ, ક્રિકેટ અને ફિલ્મો – આ ત્રણ વિષયના એક્સપર્ટ તો દરેક ચાની લારીએ હોય છે! મને આ વાત એટલે યાદ આવી કે હમણાં જ મારે બે ખુબ સારા મિત્રો સાથે પોલીટીક્સ પર ચર્ચા થઇ. સ્વાભાવિકપણે મુદ્દા એ જ હોય-દેશની અત્યારની હાલત, આપણા માનનીય વડાપ્રધાન અને વિપક્ષ. હું માનું છું કે દેશની જનતાને તકલીફ પડી રહી છે, અર્થતંત્રને ઠોકર વાગી છે. મારે આજે દેશની અને સરકારની વાત નથી કરવી. દેશ કેવી રીતે ચલાવાય એના માટેની સલાહ આપવાની મારી કોઈ સ્થિતિ, અનુભવ કે પોઝીશન નથી. મારે તો અમુક એકદમ સામાન્ય કક્ષાનાં મુદ્દા અને પ્રશ્નો પર વાત કરવી છે.

અત્યારની સરકારમાં હવે એવા આક્ષેપો થવા લાગ્યા છે કે ખાલી મોટી-મોટી વાતો કરે છે અને કંઈ કામ નથી કરતા. તો શું ક્યાંક એ દિશામાં ના વિચારવું જોઈએ કે આપણે આવું કહી શકીએ છીએ કારણ કે આ સરકારનાં પ્રતિનિધિએ વાતો તો કરી છે. શું એવું હતું કે આગળની સરકાર વાતો પણ નહોતી કરતી અને કંઈ કરતી પણ નહોતી તો આપણે સૌને એટલો ફરક નહોતો પડતો? માન્યું કે બધી સરકાર વાયદાઓ કરી ને ફરી જાય છે, તો આપણે પણ હવે તો ટેવાઈ જ ગયા છીએ ને?

આપણે કોઈ કોલેજમાં એડમિશન લઈએ, તો એવું કહીએ છીએ કે, એક અઠવાડિયામાં મને બધું જ્ઞાન આપી દો અને પછી હું નોકરી લઈને પૈસા કમાવા લાગીશ? ઘરમાં ઉધઈ લાગી હોય તો આમ જઈને કહીએ કે, હું ચા પી ને આવું ત્યાં સુધીમાં બધું કાઢીને રિપેરિંગ કરી નાખજો? મને લાગે છે કે સામાન્ય મધ્યમવર્ગીય માણસો તરીકે આપણને આપણી નિષ્ફળતાઓ, મનમાં રહેલી ચમત્કાર થવાની લાલસાઓ સરકાર પર ઠોકી દેવાની ટેવ પડી ગઈ છે. મારું પહેલું તો એ માનવું છે કે બધી અપેક્ષા સરકાર પાસેથી રાખવાની જ કેમ? અમુક ફરજ તો આપણી પણ બને છે ને?- પણ આનાં વિષે થોડું હું પહેલા લખી ચુકી છું અને બાકી ફરી કોઈ દિવસ. શરૂઆતમાં જ કહેલું કે મિનિમમ દસ વર્ષ જોઇશે દેશની સિકલ બદલવામાં. ક્યાંક આપણી ધીરજ પણ તો ખૂટી રહી છે ને?

જયારે જયારે આ બધી સરકારની નીતિઓની, એમના નિર્ણયોનું દર ચાર રસ્તે વિશ્લેષણ થાય છે ત્યારે એમાંથી ખરેખરા જાણકાર કેટલા? અમુક વસ્તુ જે હું મારા અત્યારનાં ભણતર દ્વારા સમજી છું એ કહે છે કે અમુક નિર્ણયો લેવા ખુબ અઘરા હોય છે, વળી અમુક પરોક્ષ અસરો અને પાસાઓ જે તરત એક સામાન્ય માણસ તરીકે આપણે સમજી નથી શકતા. ચલો એક સમયે માની લઈએ કે સરકાર સારું કામ નથી કરી રહી અને દેશ ખાડામાં જઈ રહ્યો છે. (જે ખાડામાં છે જ આમ તો!) તો પણ જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ છે, જે વિદ્વાનો છે એ લોકો કેમ આશાવાદી છે? જો કોઈ ખુબ અનુભવી અને જે તે સેક્ટરમાં એક્સપર્ટ વ્યક્તિ કૈક કહી રહ્યું છે તો હોઈ શકે ને આપણા કરતા એમને વધારે ખબર હોય! અને હું એમ નથી કહી રહી કે જે કૈક ટીવીમાં કે છાપામાં આવે છે એ માની લો (As મીડિયા હવે તો સર્કસ થઇ ગયું છે), પણ એના માટે દલીલ કરવા કૈક વાંચીને, સમજીને પ્રયત્ન કરીએ તો? અને એના પહેલાના સિત્તેર વર્ષમાં પણ આપણે પોતે તો દેશ માટે શું કરી લીધું છે? એને વાપર્યા સિવાય? તો કોઈ કૈક કરી રહ્યું છે તો કેમ રાહ ના જોઈએ?

હું કોઈ એક વ્યક્તિ કે પક્ષની અંધ સમર્થક નથી. નોટબંધી પોતાનું કામ નથી કરી શકી એવું મને લાગે છે, સરકાર જે રીતે સમજીને G.S.T. માં અમુક ફેરફારો કરી રહી છે, એ ના થયા હોતા તો નાના ઉદ્યોગો એમાં હેરાન થતા અને એ પણ સારું નહોતું, દેશનાં જવાનોને છાપાની હેડલાઈન અને ભાષણો સિવાય સ્થાન મળવું જોઈએ જ. પણ એના સિવાય ઘણા કામ થઇ રહ્યાં છે જે પહેલા નહોતા થતાં. 'આધાર' તો UPA સરકાર વખતથી જન્મેલું હતું, આજે સૌનાં મોઢે છે, 'Digital' શબ્દ કેટલાં સામાન્ય લોકો રોજ-રોજ વાપરતા હતા? અને આપણા સૌ માટે શરમની વાત તો એ છે કે અત્યારની સરકારની ખુબ મોટી અને મહત્વાકાંક્ષી યોજના સફાઈ અભિયાન છે! ઘર અને ગલી સાફ રાખવાની સાવ સામાન્ય વાત, મૂળભૂત ફરજ જો યાદ કરાવી પડતી હોય તો એમાં વાંક આપણો પણ તો છે ને?

વિપક્ષ ના હોય એ લોકશાહી માટે ખુબ ખરાબ કેહવાય, તો આજે હવે એવો સીન છે કે વિપક્ષ પણ પોતાની ક્ષિતિજો વિસ્તારી રહ્યું છે, 'વિકાસ ગાંડો થયો છે' પર જે સોશિયલ મીડિયામાં Campaigns ચાલે છે, એ ક્યાંક વિપક્ષનો પણ વિકાસ છે. ગયા ટર્મની ચૂંટણીમાં આ બધું ક્યાં હતું? તો જો દેશનું પોલીટીક્સ જે સાવ અભણ, બોદા અને લાલચું વ્યક્તિઓનાં હાથમાં હતું એ પણ જો વિસ્તરી રહ્યું હોય તો મને તો As a youngster આનંદ છે. જેમ મેં કહ્યું મને કોઈ એક પક્ષથી પ્રેમ નથી, જયારે આમ આદમી પાર્ટી શરુ થયેલી ત્યારે મને ખુબ સોલીડ એજેન્ડા લાગેલા એમના, પણ હવે બધું ગયા ખાતે છે. મને લાગે છે કે આપણે પક્ષ કે વ્યક્તિઓ પર ચર્ચા કરવાના બદલે દરેક સ્તરે થઇ રહેલા બદલાવ અને આપણો એમાં Positively શું રોલ હોઈ શકે એ વિષે પેહલા વિચારવું જોઈએ. કૈક કરીશું દેશ માટે તો જ હક મળશે જે કરી રહ્યા છે અથવા પ્રયત્ન કરી રહ્યા છે એમને Criticize કરવાનો.

Catalyst

- અનંત ગોહિલ
anantgohil19895@gmail.com

એક આદત, જો લાઈફ બદલ દે

એક સારી ટેવ તમારા જીવનને, તમારી જીવનપદ્ધતિને બદલી શકવા સક્ષમ છે તેવી જ રીતે એક ખરાબ ટેવ તમને તથા તમારી આજુબાજુના લોકોના જીવનને પણ બદલી શકે છે. મનોવિજ્ઞાન મુજબ માણસને સારી વસ્તુઓની કે ક્રિયાઓની આદત પડતા જેટલો સમય અને મહેનત લાગે છે એના કરતા ઓછો સમય અને મહેનત તેને ખરાબ વસ્તુઓની અને ક્રિયાઓની આદત પડતા લાગે છે.

અંગ્રેજીમાં એક વાક્ય છે, "YOU WILL NEVER CHANGE YOUR LIFE UNTIL YOU CHANGE SOMETHING YOU DO DAILY." અર્થાત કે જ્યાં સુધી તમે પોતે રોજ જે ક્રિયા કરતા હો તેમાં બદલાવ નહીં લાવો ત્યાં સુધી તમે તમારું જીવન બદલી નહીં શકો. રોજ વાંચન કરવાની ટેવને લીધે આજે વોરન બફેટ સૌથી ધનાઢ્ય વ્યક્તિઓની યાદીમાં આવી ગયા છે, તેવી જ રીતે બીજા અનેકોનેક વ્યક્તિઓ કે જે પોતપોતાના ક્ષેત્રમાં શિરમોર છે તેઓ પાછળ એક નાનકડી સારી ટેવનો મહત્વનો ફાળો રહેલો છે.

ચાર્લ્સ ડ્યુહિગ નામના લેખક પોતાના પુસ્તક 'THE POWER OF HABIT' માં લિસા એલન નામની એક મહિલાની વાત નોંધે છે. આ લિસા એલન એક ૩૪ વર્ષની મહિલા છે, જેને ૧૬ વર્ષની ઉંમરથી જ દારૂ અને સ્મોકિંગનું વ્યસન લાગી ગયું હતું. નાની ઉંમરથી જ એને મેદસ્વીતાની સાથે સાથે બીજી ઘણી બીમારીઓ લાગુ પડી ગઈ હતી. પોતાની ખરાબ આદતોને લીધે તે પોતાનું કામ પણ વ્યવસ્થિત રીતે કરી શકતી નહોતી, તેના લીધે તેની કોઈ પણ જોબ ઝાઝું ટકતી નહીં. એની લાંબામાં લાંબી જોબ એક વર્ષ સુધી ટકી હતી, આ ઉપરાંત આ ખરાબ આદતને લીધે તેના ઉપર દસ હજાર ડોલરનું દેવું પણ થઇ ગયું હતું. એની આ આદતોથી કંટાળીને એના પતિએ એક દિવસ એને ડિવોર્સ આપવાનું નક્કી દીધા. લિસા આ બધું થયા બાદ ધીમે-ધીમે ડિપ્રેશનનો શિકાર થઇ રહી હતી.

લિસાને હંમેશાથી પિરામીડ જોવાની ખુબ ઈચ્છા હતી. એને સમજાતું નહોતું કે એની લાઇફમાં આખરે ચાલી શું રહ્યું છે? આટલી બધી મુઝવણમાં એ નક્કી કરે છે કે એક દિવસ એ ઈજીપ્તના પ્રવાસે જરૂરથી જશે જ! સવારે પોતાના રૂમમાં ઉઠીને જેવો તે સિગરેટ પીવા હાથ લંબાવે છે ત્યાં તેને કંઇક બળવાની સ્મેલ આવે છે જોવે છે તો એને ભૂલથી સિગરેટની જગ્યાએ પેન સળગાવી હોય છે અને એ સ્મેલ પ્લાસ્ટિક બળવાની આવતી હોય છે, આ જોઇને તે વધુ તણાવમાં આવી જાય છે કે આખરે એના જીવનમાં આગળ જઈને શું થવા ધાર્યું છે!



એ રાત્રે તેને એક સપનું આવે છે જેમાં તે અખૂટ અને વેરાન રણમાં ઉભી હોય છે અને અચાનક એને પોતાની અંદર કંઇક પીગળતું હોય એવું લાગે છે જાણે કે એને ખબર પડી ગઈ હોય કે એને જીવનમાં શું જોઈએ છે, એને આત્મજ્ઞાન થાય છે કે એને જીવનમાં એક ચોકકસ ધ્યેયની જરૂર છે, એક સાચી દિશાની જરૂર છે જેનાથી તે પોતાનો આ તણાવ ઓછો કરી શકે. સપનામાં જ એ કહે છે કે એક દિવસ જરૂરથી હું આ જગ્યાએ, આ રણમાં, આ પિરામીડો વચ્ચે પાછી ફરીશ અને ત્યારે આજે છું એના કરતા કંઇક અલગ બનીને આવીશ!

સવારે લિસા જયારે જાગે છે ત્યારે વિચારે છે કે એ મેદસ્વી છે, એકલી છે, એના પાસે કોઈ પૈસા નથી, ઉપરથી એ કયું રણ ને કયા પિરામીડ હતા એ પણ એને ખ્યાલ નથી કે એ ત્યાં જઈ શકશે કે કેમ એ પણ એના મગજમાં દ્વિધા હતી. પણ, હવે એના પાસે એક ‘ગોલ’ હતો, એક ધ્યેય હતો!

બીજા જ દિવસથી એને આ માટે મહેનત કરવાની શરુ કરી દીધી, પોતાના સર્વાઈવલ માટે તથા પૈસાની બચત માટે થઈને તેને ‘સ્મોકિંગ’ને અલવિદા કહી દીધું. ‘સ્મોકિંગ’ની જગ્યાએ તેને રોજ ‘જોગીંગ’ કરવાનું શરુ કર્યું. એને એક ખરાબ આદતને સારી આદતથી રિપ્લેસ કરી નાખી. આ જોગીંગ કરવાને લીધે હવે તેની આખી લાઈફ-સ્ટાઈલ બદલાઈ ચુકી હતી. હવે તે રોજ વહેલા જાગતી, જોગીંગ કરવા જતી, પોતાની જાતને પહેલા કરતા વધુ ફીટ મહેસુસ કરતી.

બરાબર એક વર્ષ પછી તે ઈજીપ્ત જાય છે, એ જ અખૂટ અને વેરાન રણમાં જે તેનું સપનું હતું, હવે તે એકદમ બદલાઈ ચુકી હોય છે, તેની સમગ્ર જીવન-પદ્ધતિને એક સારી આદતે ધરમૂળથી ચેન્જ કરી નાખી હતી. થોડાક વર્ષોમાં તેણે પોતાનું વજન પણ ઉતારી નાખ્યું અને એક જવાંમર્દ યુવાન સાથે એન્ગેજમેન્ટ પણ કરી લીધી અને એક જ કંપનીમાં તે છેલ્લા ત્રણ વર્ષથી કામ કરી રહી હોય છે. આ બધી જ વસ્તુ માત્ર ને માત્ર એક સારી ટેવને કારણે થઇ.

કંઇક આવી જ વાત મહેશની પણ છે, અત્યંત સામાન્ય પરિસ્થિતિમાં રહેનારો છોકરો, આર્થિક રીતે પણ કંઈ સદ્ધર નહિ અને ભણવામાં પણ એટલો બધો હોંશિયાર નહીં પણ એની એક જ સારી ટેવ એટલે કે સવારમાં વહેલા ૬ વાગે ઉઠીને બગીચામાં ચાલવા જવાની આદત! એક વાર એ વહેલા ઉઠીને ચાલવા જતો હતો એમાં બે આધેડ વયની વ્યક્તિઓની વાત સાંભળે છે કે આ સવારમાં ચાલીને અને કસરત કર્યા પછી ઘરે જઈને કકડીને ભૂખ લાગે છે. આ વાત સાંભળીને તેના મગજમાં વિચાર આવે છે કે કેમ ના અહીં કંઇક હેલ્થી વસ્તુઓનું વેચાણ કરવામાં આવે! ઘરે જઈ તેને આ વાત પોતાની માતા અને બહેનને કરી. એમને તરત જ આ વાત વધાવી લીધી, પોતાના અમુક મિત્રો પાસેથી તેણે પૈસા ઉધાર માંગીને એને પોતાનો ધંધો શરુ કર્યો. શરુ-શરૂમાં એને બે-ત્રણ જાતના હેલ્ધી સૂપ વેચવાનું શરુ કર્યું, ધીમે-ધીમે જેમ કમાણી વધી તેમ-તેમ તે ઈંડલી-વડા તેમજ થેપલા વેચતો પણ થયો, તેને પોતાનું દેવું પણ ઉતારી દીધું હતું, થોડા જ વર્ષોમાં એનો ધંધો એકદમ સેટ થઇ ગયો અને એને એકમાંથી બે લારી કરી નાખી. રોજનું વેચાણ હવે પાંચથી દર હજારનું થાય છે. એક સારી આદતે મહેશનું આખુ જીવન બદલી નાખ્યું.

સફળ થવાનો બસ આ જ એક રસ્તો છે, પોતાની ખરાબ આદતો અને નબળાઈઓને શોધીને તેને સારી આદતોમાં બદલી નાખવી. એક નાનકડી એવી સારી આદત પણ ક્યારે આપણને સફળતાની સીડી ચડતા કરી દેશે ને એ આપણને ખુદને પણ ખબર નહિ રહે!

આફ્ટર-શોક

THE DIFFERENCE BETWEEN SUCCESSFUL PEOPLE AND VERY SUCCESSFUL PEOPLE IS THAT VERY SUCCESSFUL PEOPLE SAY 'NO' TO ALMOST EVERYTHING.

- WARREN BUFFETT



ગુલાબજળ

- યાજ્ઞિક વઘાસિયા
yavaghasia.99@gmail.com

એક જણની જિંદગી બરબાદ છે,
એ વિષય બીજાને મન આહ્લાદ છે.

“તમે લોકો ટેન્શન ના લ્યો. મામુલી તાવ છે. રીપોર્ટ કરાવીને કન્ફર્મ કરાવી લઈશું કે, શેનો તાવ છે. એટલા માટે હોસ્પીટલમાં એડમિટ કરવાની કોઈ જરૂર નથી. તારી ડોક્ટર ફ્રેન્ડનો તારે ફાયદો તો ઉઠાવવો જ જોઇને ને મનનયા?!” ડૉ આરોહી જૈનએ પોતાના પતિ મિસ્ટર નભ્યાંશ અને પોતાના કોમન ફ્રેન્ડ મનનને કહ્યું.

“હા. મારી વાઈફ ડોક્ટર છે. સમજ્યો? મારા ઘરે જ શિફ્ટ થઇ જા. આમેય તું તો ઘરવાળી વગરનો છે. તારી સેવા કોણ કરશે ત્યાં? અહીંયા અમારી દેખરેખમાં તું જલ્દી સાજો થઇ જઈશ.” નભ્યાંશ પોરસાયો.

“ઓકે. જેમ તમને લોકોને ઠીક લાગે એમ. ચલ હવે મારી સાથે મારો થોડા દિવસનો સમાન લેવા...”

“એ હું લઇ આવીશ. તું આરામ કર.”

“મારે હોસ્પિટલ તો જવું જ પડશે. રીપોર્ટ કરાવવા માટે બ્લડ-સેમ્પલ લેવા માટે મારી પાસે કોઈ વ્યવસ્થા અહીં નથી. હું અરેન્જ કરતી આવું. ને પછી અહીંયાથી જ સેમ્પલ લઈને ડાઈરેક્ટ મોકલાવી દઉં.”

*****

આરોહી, નભ્યાંશ અને મનન. ત્રણેય સ્કૂલટાઈમના મિત્રો. દોસ્તી કોને કહેવાય અને ચડ્ડી કેમ પહેરાય, એની ખબર નહોતી પડતી, ત્યારના ત્રણેય સાથે હતા. એક બેંચ પર જ બેસતા. ત્રણેય સાથે લાવેલા નાસ્તાના ડબ્બા પહેલા પીરીયડમાં જ ખૂટવાડી દેતા અને પછી નાસ્તા માટેનો બ્રેક પડે ત્યારે બહાર શંભુકાકા લારી લઈને ઉભા રહેતા, એમની પાસેથી કોઠા, ચણીબોર અને ચીભડાં લઈને ખાતા. શિક્ષકોના નાકે દમ આવી જતો આ ત્રિપુટીનું ધ્યાન રાખવામાં. સ્કૂલની લોબીમાં આંટો મારવા નીકળો તો આ ત્રણેય ક્લાસની બહાર એમના તોફાનોના બદલામાં શિક્ષકોએ આપેલી સજા ભોગવતા જ જોવા મળે, ક્યારેક અંગુઠા પકડીને વાંકા ઉભા રહેલા, તો ક્યારેક કુકડો બનેલા. પણ તોય એમની ધમાલ તો ચાલુ જ હોય.

જેમ ઉંમર મોટી થતી ગઈ, એમ સ્વભાવમાં થોડો ચેન્જ આવતો ગયો. મનનમાં ઉંમર પ્રમાણે ઠરાવતા આવી. પણ નભ્યાંશ અને આરોહી હજી એવા જ બેફિકર અને ધમાલી. નભ્યાંશ તો સાથેસાથે અવળચંડો પણ બની ગયો.

ઉંમર વધતી ગઈ, એમ દોસ્તી પ્રેમમાં ફેરવાતી ગઈ. ટીપીકલ બોલીવૂડ મસાલેદાર સ્ટોરી. બન્ને છોકરાઓને છોકરી ગમે, પણ છોકરીને કોઈ એક જ ગમે. આરોહી નભ્યાંશ તરફ વધુ ઢળતી ગઈ. મનનએ એને પોતાના તરફ ખેંચવાની બહુ ટ્રાય કરી, પણ એ ખેંચી ના શક્યો. પછી તો આરોહી ભાવનગર મેડીકલ કોલેજમાં ગઈ અને આ બન્નેની જુગલબંધી એન્જીન્યરીંગમાં એક જ કોલેજમાં. પછી તો એ જયારે અમદાવાદ રજાઓમાં આવતી, ત્યારે ત્રણેય સાથે ટાઈમ સ્પેન્ડ કરતા. પણ મનન હંમેશા એકલું અને 'ઓડ' ફીલ કરતો. એ બન્નેને રોમાન્સ કરતા જોઇને એનો જીવ બળી જતો.

એકવાર નભ્યાંશ એના કઝીન્સ જોડે બેંગકોક ટ્રીપમાં ગયો હતો. આરોહી પણ અમદાવાદમાં જ હતી ત્યારે મનનએ આરોહીને કઠણ થઈને કહી જ દીધું,

"આરુ. તું મને પણ ગમે છે. આઈ રીયલી લવ યુ. ને મને ખબર જ છે કે, તને પણ એ વાતની ખબર જ છે. તું નભને મુકીને મારી પાસે આવતી રહે ને."

"બે મનનયા. તું શું બોલે છે, એનું તને ભાન છે સેજેય? ભૂલી જા બધું. આપણી ત્રણેયની વર્ષો જૂની દોસ્તી તૂટે નહી, એટલે હું આ વાત નભને નહી કરું. પણ હવે આ વાત અહીંયા જ પૂરી કરી દે."

મનન કંઈ બોલી શક્યો નહી. એ ચુપચાપ જ રહેવા લાગ્યો. હતો એના કરતાંય વધુ ચુપચાપ. આરોહીને જે થઇ ગયું, એના વિષે મનમાં બહુ ખરાબ ફીલ થયું અને એણે મનનને કીધું,

"મનનયા. સોરી. પણ તું મારો બેસ્ટ ફ્રેન્ડ જ છે. એના કરતા આગળ કંઈ જ નથી. હવે આવા રોતડું ફેસ ના બનાવતો પ્લીઝ. ભૂલી જા ને બધું જે થઇ ગયું એ."

"હા હવે. ભૂલી ગયો બસ? ખુશ?"

"અરે યાર મને પણ દુઃખ છે કે.."

"બસ હવે ચુપ થઇ જા. આગળ કંઈ બોલીશ નહી. ઇટ્સ ઓકે. જે નસીબમાં થવાનું હોય, એ થઈને જ રહે છે. જે થઇ ગયું છે, એ ના વિચાર. આપણે હંમેશા લાઈફમાં જે થવાનું છે, એનો જ વિચાર કરવો જોઈએ."

આરોહી હોસ્પીટલથી પાછી આવી. એણે બેગમાંથી બ્લડ કલેક્ટ કરવાનો સામાન કાઢ્યો અને મનનના મુઠી વાળેલા હાથ પર એક જેન્ટલ પ્રિક કરીને સેમ્પલ લઇ પણ લીધું. વેક્યુટીઝ લેબલ કરીને પાછી બેગમાં મૂકી દીધી.

"તાવ માટેનું એક ઇન્જેક્શન પણ હું આપી દઉં સાથેસાથે." આરોહીએ પોતાની બેગમાંથી એક અધુરી વાઇલ કાઢી અને એમાંથી ૨ એમ.એલ. નું એક ફૂલ ઇન્જેક્શન તૈયાર કર્યું.

કૉલેજ પછી બેંગકોક ટ્રીપમાં ગયેલો નભ્યાંશ. ત્યાં કરેલી મોજમજાના બદલામાં નભ્યાંશનું એચ.આઈ.વી. વાઈરસને પોતાના શરીરમાં સાથે લઈને આવવું, ને ખબર હોવા છતાં આવી ઈમ્પોર્ટન્ટ વાતનું નભ્યાંશનું અને કોમન ફ્રેન્ડ હોવા છતાં મનનનું પણ આરોહીથી છુપાવવું અને આરોહી-નભ્યાંશના લગ્ન પછી આરોહીનું પણ એચ.આઈ.વી. પોઝીટીવ થઇ જવું - આ બધું કોઈ ફિલ્મની ફાસ્ટ સ્ક્રીનની માફક આરોહીની નજર સામેથી ધડાધડ પસાર થઇ ગયું.

ને બીજી ક્ષણે આરોહીની જિંદગી બરબાદ કરેલા એચ.આઈ.વી. વાયરસ મનનના શરીરમાં પણ દોડાદોડ કરવા લાગ્યા. એણે મનનના બ્લડ સેમ્પલ્સ મોકલાવ્યા. કલાકમાં રીપોર્ટસ પણ આવી ગયા. રીપોર્ટસ નોર્મલ હતા. આરોહીએ કહ્યું હતું એમ ખરેખર સિમ્પલ તાવ જ હતો.

પણ હવે શરુ થયેલી મનનની લાઈફ સિમ્પલ નથી રહેવાની, એવું જાણતી આરોહીએ આજે પ્રેમથી મનન માટે ખીચડી બનાવી અને એક પ્લેટમાં લઇને ચમચીથી ઠારતી ઠારતી મનન પાસે પહોંચી. મનન એને જોઈ જ રહ્યો.

"થેંક યુ આરુ. મારું આ રીતે ધ્યાન રાખવા માટે. મેં તારી સાથે આવું કર્યું છે, એ છતાં મારી સાથે દોસ્તી નિભાવવા માટે. આઈ એમ સોરી આરુ. મેં એ વાત તારાથી છુપાવી. મારાથી ના છુપાવવી જોઈએ. પણ શું કરું? મને તું ગમતી, પણ તે નભને સિલેક્ટ કર્યો. રિજેકશન મારાથી નથી સહન થાતું. તું તો એ વાત જાણે છે ને આરુ? પણ નભએ પણ તને કહેવું જોઈએ ને? એ પણ તને પ્રેમ કરતો હતો ને? ખાલી તારી સાથે લગ્ન કરવા માટે એ આવું કઈ રીતે કરી શકે?!"

"તમે બન્નેએ છુપાવ્યું મારાથી. આ તો મારા હાથમાં એના રિપોર્ટ્સ આવ્યા એટલે મને ખબર પડી, ને મેં ક્રોસચેક કરવા તને પૂછ્યું, ત્યારે છેક તે મને કીધું, ને એય તે અમારા મેરેજના ત્રણ વર્ષ પછી. નભે તો મને હજી કહ્યું નથી. પણ હવે મને એનાથી ફરક પડતો નથી. એનું એટલું બધું બગડી ગયું છે, કે હું વધુ બગાડી શકું એમ નથી..."

"મને ઘણીવાર એમ થયું કે, તને હું સાચું કહી દઉં. ને પછી તું નભ્યાંશને છોડીને મારી પાસે આવતી રહીશ. પણ મને ત્યારે ખબર નહી કેમ, એમ થયું કે, આ લાઈફ તે જાતે જ પસંદ કરી છે. ને હું શું કામ નભ સાથે ગદ્દારી કરું? મીન્સ મેં ગદ્દારી કરી, નભ જોડે નહી તો તારી સાથે કરી. પણ આરુ.."

"બસ હવે ચુપ થઇ જા. આગળ કંઈ બોલીશ નહી. ઇટ્સ ઓકે. જે નસીબમાં થવાનું હોય, એ થઈને જ રહે છે. જે થઇ ગયું છે, એ ના વિચાર. આપણે હંમેશા લાઈફમાં જે થવાનું છે, એનો જ વિચાર કરવો જોઈએ." આરોહી ધીમેથી બોલી.

ત્યારે એના ડ્રોઈંગરૂમની સીલીંગમાં ફીટ કરેલા સ્પીકરમાંથી ધીમે ધીમે સોંગ વાગી રહ્યું હતું,

"દુશ્મન ના કરે દોસ્ત ને વો કામ કિયા હૈ,
ઉમ્રભર કા ગમ હમેં ઇનામ દિયા હૈ..."

આરોહી નક્કી ના કરી શકી કે, એ સોંગ બન્નેમાંથી વધુ રીલેટ કોને થાય છે. તેની સાથે શું થઇ ગયું છે, એ વાતથી અજાણ મનન ખુદને દોષી ઠેરવતો રહ્યો. ત્યાં જ નભ્યાંશ મનનનો સામાન લઈને આવ્યો. સોંગ હજી વાગતું જ હતું.

"અરે વાહ. માય ફેવરીટ સોંગ."

એ ક્યાંય સુધી ગણગણતો રહ્યો અને પેલા બે? બસ એવા જ. ચુપચાપ.

SHUT DOWN

સ્ત્રી જયારે કોઈને પ્રેમ કરે છે, ત્યારે છપ્પર ફાડીને કરે છે.
ને જયારે નફરત કરે છે, ત્યારે પત્તર ફાડીને કરે છે.

(શીર્ષક-પંક્તિ : મહેન્દ્ર પોશિયા)

લ્યો... લખાઈ ગઈ કવિતા.

- રાધિકા પટેલ

ગઝલ

સ્વપ્નમાં એ આવવાની ના કહે છે.
એ મને જીવાડવાની ના કહે છે.

હું જર્જરિત ડાયરીમાં સાચવું છું;
દીવસો એ ફાટલાં-જૂના કહે છે.

વાત એની સાવ સાચી,સાવ સાચી...
વાત-'એ',જો હું કરું તો 'ના' કહે છે.

સાવ નફ્ફટ થઇ મને તો 'ના' કહેલી;
અન્યને હળવેક રહી "જી..ના" કહે છે.

સારું,કે દરિયામાં મારુ નામ નહોતું;
સહેજ ખૂણા આંખના ભીના કહે છે.

એક ઓશીકું બળ્યા ની વાત આખી;
આંસુઓને 'એ' જરા ઊના કહે છે.

લવ-ટેંક

- અનંત ગોહિલ
anantgohil19895@gmail.com

રિટાયર્ડ મેજર જનરલ ભગીરથસિંહ ચૌહાણ પોતાની રિટાયરમેન્ટ પોતાના પુત્ર વિશેષ અને પુત્રવધુ પંક્તિની સાથે ખુશીથી વિતાવતા હતા. અને સૌથી વધારે મજા તો એમને પોતાના વ્યાજ એટલે પોતાના પૌત્ર વેદાંત સાથે આવતી. એના જોડે સમય ક્યાં પસાર થઇ જાય એ ખબર જ ના રહે!

આખી જિંદગી આર્મીમાં વિતાવ્યા પછી પણ ભગીરથસિંહ પથ્થરદિલ નહોતા થયા, કારણ હતું એમનો સૌને ગમે તેવો તથા નમ્ર સ્વભાવ, હા પણ સાવ કાચા-પોંચા પણ નહિ, ભૂલ થાય ત્યાં ભુક્કા કાઢી નાખે. એમના જીવન ઉપર જો બાયોગ્રાફી લખાય તો ચોક્કસ એનું નામ ‘દેશપ્રેમ’ કે ‘દેશદાઝ’ જ આપવું પડે! કોઈ મંદિરમાં ઉતારવામાં આવતી આરતીની આશકા જેવો જ તેમનો દેશપ્રેમ એકદમ ‘પવિત્ર’ હતો, પોતાના કાર્યકાળ દરમિયાન થયેલા યુદ્ધોમાં તથા દેશમાં સર્જાયેલી કટોકટીઓમાં એમણે દિવસ-રાત જોયા વગર પોતાનો જીવ રેડી દીધો હતો. આર્મીની જોબ હતી એટલે એમના સામાજિક તથા કૌટુંબિક વ્યવહારો પ્રમાણમાં ઘણા જ ઓછા હતા, એટલે તેમણે પુરતો ટાઇમ પોતાના નાના અને સંપૂર્ણ ખુશ પરિવાર સાથે વિતાવવા મળતો.

આર્મીની લાઈફ-સ્ટાઈલ જીવનમાં વણાઈ ગઈ હતી એટલે ભગીરથસિંહનું જીવન પણ ઘડિયાળના કાંટે જ ચાલતું. બરાબર સવારે ૬ વાગે જાગી જવાનું, ત્યાંથી નજીકના ગાર્ડનમાં મોર્નિંગ-વોક માટે તથા કસરત માટે જવાનું, બરાબર સાડા સાત વાગે ઘરે આવી જવાનું અને દૈહિક ક્રિયાઓ પતાવીને પુરા પરિવારે એક સાથે બરાબર સવા આઠ વાગે ડાઈનીંગ ટેબલ પર સાથે નાસ્તો કરવા માટે ભેગું થવાનું. એ પછી વિશેષ અને ભગીરથસિંહ સોફા પર સાથે બેસીને વાત કરે ત્યાં સુધીમાં પંક્તિએ વિશેષનું ટિફિન રેડી કરી નાખ્યું હોય અને સાથો-સાથ વેદાંતનો લંચ-બોક્સ પણ. નવ વાગ્યે વિશેષ પુત્ર વેદાંતને એની ડે-કેર સ્કૂલમાં ડ્રોપ કરીને પોતાની ઓફિસ જાય. એ પછી ભગીરથસિંહ ન્યુઝ-પેપર લઈને દેશ-વિદેશ સાથે સંકળાયેલા ન્યુઝ વાંચે, થોડો ટાઇમ ન્યુઝ-ચેનલ જોવે. બરાબર બાર વાગીને દસ મિનિટે તેઓ પોતાનું લંચ કરે, એ પછી વામકુક્ષી અને સાંજ પૌત્ર વેદાંત સાથે વિતાવે. રાત્રે ૮ વાગે ડીનર લઇ પછી ૯ વાગ્યે પોતાની રૂમમાં આવે, પોતાના નામની ચેર પર બેસી કોઈ પુસ્તક હાથમાં લઈને તથા બેકગ્રાઉન્ડમાં જગજીતસિંહની ગઝલો અથવા કોઈ જુના સોંગ્સ વાગતા હોય અને બાજુના ટેબલ પર એમની ફેવરીટ હર્બલ ગ્રીન ટી નો કપ પડ્યો હોય. ૧૦ વાગ્યે એમનો દિવસ પૂરો થાય અને બીજા દિવસે ફરી એનું એ જ!

ભગીરથસિંઘના ધર્મ-પત્ની સરલાનું નિધન ચારેક વર્ષ પહેલા જ થયું હતું. તેઓ એમને ખુબ જ પ્રેમ કરતા હતા, પણ આર્મીની જોબ હોવાને કારણે તેઓ પોતાનો પ્રેમ ખાસ દર્શાવી શક્યા નહીં, વારે-તહેવારે જયારે પણ તેઓ આવતા ત્યારે સરલાની મનગમતી વસ્તુઓ લેતા જ આવતા પણ તેઓને ખબર જ હતી કે સરલાની સાચી ખુશી એ વસ્તુઓમાં નહીં પણ પોતાની હાજરીમાં હતી. એમને પોતાનો આખો પ્લાન બનાવી રાખ્યો હતો કે રિટાયરમેન્ટ પછી ના વર્ષોમાં સરલા સાથે અલગ-અલગ સ્થળોએ ફરવા જશે અને સમગ્ર ટાઇમ એના સાથે જ સ્પેન્ડ કરશે. પણ ૫૮ વર્ષે તેઓ રિટાયર થયા અને એના એક વર્ષ બાદ જ સરલાબા નું નિધન થયું, જાણે કે સરલા સાથે તેમના બધા સપનાઓ પણ રાખ થઇ ગયા, એ ઘટનાની કળ તો એમને હજુ સુધી નહોતી જ વળી પણ પોતે આર્મી ઓફિસર રહ્યા ને એટલે લાગણીઓ હૃદયના એક ઊંડા ખૂણામાં સંઘરીને મૂકી દીધી હતી, એ પછી તો એ પૂરો સમય પરિવાર સાથે જ વિતાવતા.

પંક્તિને કદાચ આ વાતનો થોડો ઘણો અંદાઝ આવી ગયો હતો. આમ પણ સ્ત્રી પુરુષના મનનું એકાંત એની આંખો વડે પારખી જ લેતી હોય છે. એને એક દિવસ મોકો જોઈ વિશેષને વાત કરી કે આપણે પપ્પાજી માટે કોઈ જોડીદાર લઇ આવીએ તો? પહેલા તો વિશેષને આ વાત મજાક લાગી પણ પંક્તિના હાવભાવ જોતા એ આ મુદ્દામાં ગંભીર છે એ પારખી લીધું. એને હળવેથી પંક્તિને કહ્યું કે તારી ભાવના સાચી છે પણ પપ્પા આ વાત માટે ક્યારેય નહીં માને કેમ કે એ મારી માંને ખુબ જ ચાહતા હતા, એમના જુના મિત્રો પણ એવું કહેતા કે પપ્પા તો રામ જેવા હતા, બીજી કોઈ સ્ત્રી સામે નજર ઉઠાવીને પણ એમણે કદી જોયું નથી તો બીજા લગ્ન, કદી નહીં! આ તો કોઈ રીતે શક્ય ના બને. ત્યારે તો પંક્તિએ આ વાત જવા દીધી, પણ એના બેક ઓફ ધ માઈન્ડમાં તો આ વાત હતી જ!

થોડા દિવસોમાં જ પંક્તિના ભાઈ સિદ્ધાર્થના છોકરાનું બર્થડે સેલિબ્રેશન ગોઠવ્યું હતું, પંક્તિ આખા કુટુંબ સાથે અહીં આવી ગઈ હતી. પંક્તિના મમ્મી-પપ્પા તો બીજા શહેરમાં રહેતા હતા પણ ભાઈની જોબ અહીં હોવાના કારણે એ અહીં શિફ્ટ થઈને પોતાની પત્ની તથા છોકરા સાથે અહીં જ રહેતા હતા. અલગ શહેરના લીધે અહીં પાર્ટીમાં પણ બધા યંગ એજના જ લોકો હતા, અમુક પંક્તિના ભાઈના કલીગ્સ અને અમુક રીલેટીવ એટલે ભગીરથસિંહ એકલા ઉભા-ઉભા કોઈ હમઉમ્ર હોય એવા વ્યક્તિનો સથવારો શોધતા હતા. એવામાં પંક્તિએ આવીને એમની ઓળખાણ સરસ્વતીબા સાથે કરાવી. તેઓ પંક્તિના

ભાઈની કંપનીના મેનેજરના પત્ની હતા, સિદ્ધાર્થને મન મેનેજર ગુરુ સમાન હતા, તેઓ નો દેહાંત થયે ૨ વર્ષ ગુજરી ચુક્યા હતા પણ સરસ્વતીબા સાથે તેણે સબંધ સાચવી રાખ્યો હતો. પછી તો ભગીરથસિંહ અને સરસ્વતીબા એ એકબીજા સાથે ઘણી વાતો કરી, હા પહેલા થોડું અજુગતું લાગ્યું પણ ભગીરથસિંહના નમ્ર સ્વભાવે અને સરસ્વતીબાની વાત કરવાની રીતે એકબીજા માટે ઘણું જ અનુકુળ કરી નાખ્યું હતું. એ પાર્ટી પછી ઘરે આવીને ભગીરથસિંહને કંઇક અલગ જ ફિલ થઇ રહ્યું હતું, એમની અંદરના એક ખૂણે નાનકડી એવી વાદળી વરસી હતી અને સુકા થઇ ગયેલ ભાગને અંદર સુધી ભીંજવી ગઈ હતી. આજે એમને પુસ્તક સાથે કિશોરકુમારના ગીતો લગાવ્યા હતા. પંક્તિએ બીજા દિવસે પોતાના સસરાનો મૂડ તરત જ પારખી લીધો, કાલની પાર્ટી પછી તે વધુ પ્રફુલ્લિત જણાતા હતા. એ પછી તો પંક્તિએ ભગીરથસિંહ અને સરસ્વતીબા કઈ રીતે મળી શકે એવા પ્રયત્નો કરવાના વધારી દીધા. એ પછીના વર્ષમાં લગભગ સાતેક વાર તેઓની મુલાકાત થઇ. એ પછી પંક્તિએ વિશેષની સાથે તથા પોતાના ભાઈ-ભાભી સાથે સરસ્વતીબાના ઘરે જઈને એમની લાગણી જાણી લીધી. પહેલા તો એમને આનાકાની કરી પણ પંક્તિ અને વિશેષનો ભગીરથસિંહ પ્રત્યેનો પ્રેમ જોઈ એ પીગળી ગયા.

પંક્તિ માટે ભગીરથસિંહને મનાવવા એ સૌથી કપરું કામ હતું. એક દિવસ તેને લાગ જોઈ ભગીરથસિંહને આ વાત કરી જ દીધી, એ પછી ભગીરથસિંહ કંઈ પણ બોલ્યા વગર પોતાની રૂમમાં ચાલ્યા ગયા હતા. એ દિવસ એ મોટા ભાગે પોતાની રૂમમાં જ રહ્યા. પંક્તિને થયું કે એમને વિચારવા માટે સમય તો જોઈએ એટલે એને પણ સસરાજીને વિચારવા પુરતો સમય આપ્યો પણ છેક રાત્રે ડીનર ટાઈમે પણ તેઓ આવ્યા નહીં તેથી પંક્તિ મનમાં મૂંઝાઈ. એને થયું કે ઉતાવળમાં અને જીદમાં એને પોતાના દેવ સમાન સસરાનું દિલ દુભાવ્યું છે. એણે જાતે જ સસરાજીના રૂમમાં જઈને બોલાવવા જવાનું નક્કી કર્યું.

ત્યાં જઈને જુવે છે તો ભગીરથસિંહ બાલ્કનીમાં ઉભા-ઉભા ઊંડા વિચારમાં હોય છે અને બેડ પર ઘણા-બધા ઉઘડેલા પત્રોનો ઢગલો! પંક્તિને જોઈ ભગીરથસિંહ કહે છે આવ બેટા બેસ તારા સાથે થોડી વાત કરવી છે. એ કહે છે કે બેટા તને જે આ પત્રોનો ઢગલો દેખાય છે ને એ મારા અને તારી સ્વર્ગસ્થ સાસુના સપનાનો મહેલ છેઆ પત્રોમાં અમે જેટલું જીવ્યા છીએ, જેટલું સાથે રહ્યા છીએ, જેટલો

પ્રેમ કર્યો છે એટલો તો કદાચ જોડે રહ્યા-રહ્યા પણ નથી કર્યો. આ એના પત્રો જયારે બોર્ડર પર હોવ ત્યારે વાંચતો'ને ત્યારે એવું લાગતું કે જાણે ભર ઉનાળામાં ગુલાબી ઠંડીનો એહસાસ થયો. બેટા તારી ઈચ્છા શું છે એ મને ખબર છે, અને એ અત્યારથી નહીં ક્યારની છે એ પણ ખબર છે. આખરે આર્મીવાળો રહ્યો ને, નાનકડી હિલચાલ પર પણ કડક નજર હોય અમારી! અને સાચું કહું હું એ દિશામાં વિચારવાની કોશિશ પણ કરતો હતો પણ દર વખતે હું સરલાને વિચારું અને મારું મન પાછું પડી જતું, કેમ કે એના વગરના ઘડપણનું તો મેં કદી વિચાર્યું જ નથી. પણ આજે એનો આ પત્ર હાથમાં આવ્યો. લે તું જ વાંચી જો.

પંક્તિ પત્ર હાથમાં લે છે. સરલાબા લખે છે, “મને ખબર છે તમે એકાકી નથી. એકલા રહેવું તમને નથી ગમતું. તમે તો બધાને ખુશ કરીને ખુશ રહો એવા છો, એટલે જ તમને કહેવાનું મન થાય છે કે ના કરે નારાયણને હું ના હોવ તો ક્યાંય મૂંઝાતા નહીં, મને મારા વિશેષ પર પૂરો વિશ્વાસ છે કે એ તમને સાચવી જ લેશે પણ તમને મનગમતો સહારો મળે તો એમાં ક્યાંય અટવાશો નહીં. હું દુઃખી નહિ થાવ. તમે એમ સમજજો કે હું એ પાત્રમાં હંમેશને માટે હોઈશ જ.” પંક્તિની આંખો પોતાની સ્વર્ગસ્થ સાસુની સમજણભરી વાતો વાંચીને જ ભરાઈ આવી હતી. ભગીરથસિંહ એ પંક્તિને કહ્યું કે જો વિશેષ અને તું એમાં ખુશ હોવ તો મને વાંધો નથી. એ રાત્રે ડીનર પછી વિશેષ અને પંક્તિ સરસ્વતીબાના ઘરે ગયા અને બધું નક્કી કરી આવ્યા. એ પછી તો સરસ્વતીબા ભગીરથસિંહ સાથે શિફ્ટ પણ થઇ ગયા.

ભગીરથસિંહના રૂટીનમાં આમ તો કંઈ બદલાવ નથી આવ્યો પણ, હવે ડીનર પછી ભગીરથસિંહના નામની ચેર સાથે સરલાબા ના નામની ચેર પણ ઉમેરાઈ ગઈ છે. હા, સરસ્વતીબા એ પોતાનું નામ બદલી સરલા કરી દીધું છે. જેથી એ હંમેશા ભગીરથસિંહની નજીક રહી શકે. હા, હર્બલ ગ્રીન ટીની સાથો-સાથ હવે કેસર દુધનો એક પ્યાલો પણ જુગલબંધી કરી લે છે. કિશોરકુમારના ગીતો સાથોસાથ હવે કુમાર સાનુ અને ઉદિત નારાયણ પણ સાંભળવા મળી જાય છે.

પ્રેમ-અભિષેક :

રાત દિવસનો રસ્તો વ્હાલમ નહીં તો ખૂટે કેમ?
તમે પ્રેમની વાતો કરજો, અમે કરીશું પ્રેમ.
- સુરેશ દલાલ

વેંત-વાર્તા

- યાજ્ઞિક વઘાસિયા
yavaghasia.99@gmail.com

હેલ્થ-એડવાઈસ

“ગુસ્સા પર કાબુ નહી રાખો, તો આ તકલીફ વધતી જ જવાની મિસ્ટર નિસર્ગ. વધુ ગુસ્સાથી તમારા હાર્ટ પર તકલીફ વધશે. જેટલું મગજ શાંત રાખશો, એટલો તમારા હ્રદયને અને સરવાળે તમને આરામ મળશે. ને સિગારેટ સ્મોકિંગ પણ તમે ધીમેધીમે કરતા સાવ છોડી દો, એ જ તમારી હેલ્થ માટે સારું છે.”

પોતાના ક્લિનિકમાં આવેલા એક પેશન્ટને આવી હેલ્થ-એડવાઈસ આપીને ડૉ સત્યમ જયારે પોતાના ઘરે પાછા આવ્યા ત્યારે તેમણે ડિનરમાં પોતાની ના-પસંદ વસ્તુ જોઇ લાલપીળા થઇને પોતાની મિસીસને એક લાફો પણ ઝીંકી દીધો. પછી જમ્યા વગર જ બાલ્કનીમાં જઈને પોતાના પોકેટમાંથી એક સિગારેટ કાઢી.



અસ્પર્શ્ય

- મીરા જોશી
meerajoshi1993@gmail.com

હ્રદયમાં અકબંધ એક ભાવ ને,

"તુમ હો.. પાસ મેરે.. સાથ મેરે તુમ યું..
જીતના મહેસુસ કરું તુમકો ઉતના હી પા ભી લૂં.."

કોઈ મોટા શહેરની પ્રતિષ્ઠિત બિલ્ડીંગના વિશાળ રેકોર્ડીંગ હોલમાં કોઈએ આ ગીત ગાયુ હશે.. ક્યાંક લાગણીથી, વેદનાથી અથવા અવાજમાં જુઠ્ઠી વેદના ઓઢીને..! ગીત પૂરું થયા પછી ગાનારને ખૂશી થઈ હશે કે મનમાં કંઇક વિષાદ જન્મ્યો હશે? બધું જ કહી દીધા પછી, હ્રદયને પૂરેપૂરું ખાલી કરી દીધા પછી આવતો વિષાદ. આપણી પાસે આપણું માત્ર આપણા મન સુધી હોય એવું કંઈ રહેતું નથી, એ હકીકતનો ખ્યાલ આવે અને એ હકીકત પીડા આપે.! કંઇક છીનવાઈ ગયાની પીડા.

આ ગીતના શબ્દો તારા, મારા, આ દુનિયાના હજારો લોકો સુધી પહોંચ્યા હશે. કોઈ તેને સાંભળીને ભૂલી ગયું હશે, તો કોઈક પોતાની ખાલી સાંજમાં આ શબ્દોના મર્મને વાગોળતું રહ્યું હશે. એવી જ કોઈક સાંજે દુનિયાના કોઈક ખૂણે કદાચ તારા કાને પણ આ ગીત અથડાયું હશે! હ્રદયના ધબકારાની ગતિ ધીમી પડી હશે, મન દૂર.. દૂર.. મારા શહેરમાં, આપણી યાદના શહેરમાં પહોંચ્યું હશે. પછી આંખના ખૂણે નાનું એવું આંસુ બાઝ્યું હશે, બની શકે મારો ચહેરો પણ એ ઘડીમાં તારી આસપાસ, તારા હ્રદયની ખુબ નજીક પહોંચ્યો હોય! બની શકે કોઈ બીજો ચહેરો, જેને માત્ર તું જાણે છે, એ તારા દિલના એ ખૂણામાં આસ્તેથી ખૂલ્યો હોય જ્યાં ક્યારેક મારો ચહેરો સચવાયેલો હતો..!

શક્યતાઓ અને અશક્યતાઓની આ દુનિયામાં એક 'ખાલી' સંબંધમાં પણ બધું જ બની શકે છે ને.?

આ ગીત, મને તારી ખુબ નજીક લઈ જાય છે. ત્યાં, જ્યાં આ શરીર કે મન નથી પહોંચી શકતું. માત્ર આત્મા પહોંચે છે, એક મારો અને એક આપણો, આ બે જુદા સમયખંડને એક ગીત જોડે છે.

આજે સવારે ઊંઘ વહેલી ઉડી ગઈ હતી. જિંદગીનું વધુ એક પત્તું ફાડવા કેલેન્ડર જોઉં છું ને એક તારીખ નજર સામે આવે છે, ૫ નવેમ્બર. વર્ષો પહેલા આજના દિવસે કંઇક બન્યું હતું, અમસ્તા જ બન્યું હતું, ને એ ઘટના આજ પર્યંત સમયના લાંબા પટ પર વહેતી રહી છે, મને ભીંજવતી.



આજે વર્ષો બાદ વિચારું છું તો લાગે છે એ ભાવ ના પ્રગટ્યો હોત તો શું થાત? તો મારું જીવન એક સીધી લીટીમાં જ ચાલ્યું હોત? તો હું, તું, બંને શું જીવનના કોઈક ટૂકડાઓમાં સાથે જીવ્યા હોત? પ્રેમભાવ વ્યક્તિએ વ્યક્તિએ અલગ જીદંગી બનાવે છે.. તારી સાથે બંધાયેલ પ્રેમના સગપણે મને આ જીવન આપ્યું છે, ભરપુર સંવેદનાઓથી સભર જીવન..!

કંઇક એવું હોય છે, જેના હોવાથી આધાર રહે છે કે કંઈ જ બદલાયું નથી, કશું પૂરું નથી થયું. આપણી વચ્ચે માત્ર ખાલી સમયના ટૂકડાઓએ જગ્યા બનાવી લીધી છે. ઘરની બહાર વસતા શહેરના કોલાહલમાં એક ગીત તારી હાજરી જેવું છે...

‘તુમ હો મેરે લિયે.. મેરે લિયે તુમ યું..
ખુદ કો મેં હાર ગયા તુમ કો મેં જીતા હું..’

ઘરની બહાર ઠંડી રાતનો સ્નિગ્ધ અંધકાર છે. થોડો અંધકાર ઘરની અંદર છે. હાથમાં કલમ છે, આંખોમાં તારો ચહેરો છે, અને હૃદયમાં ઉજાસ છે..!

(સંવેદનાઓના પ્રદેશમાં ‘અસ્પર્શ્ય’ પત્ર દ્વારા પથરાતી જાજમ જો આપના હૃદયને સ્પર્શી હોય તો આ પત્રની સફરને વધુ જીવંત બનાવવા આપના વિચારો, મંતવ્યો કે સૂચનો આપ મને meerajoshi1993@gmail.com પર જણાવી શકો છો.)

પેરિસ્કોપ

- યાજ્ઞિક વઘાસિયા
yavaghasia.99@gmail.com

"તમારી લાઈફમાં વધારેમાં વધારે શું ખરાબ થઇ શકે?"

જયારે લાઈફ એના સૌથી ખરાબ સ્ટેજ પર આવીને ઉભી રહી જાય, ત્યારે શું કરવું? ત્યારે જે થઇ ગયું છે, એના વિષે વિચારવું? કે જે નથી થયું, એના વિષે વિચારવું?

અરુણીમા સિન્હા. ભારતની પહેલી 'એમ્પ્યુટી' વ્યક્તિ અને વિશ્વની પહેલી મહિલા 'એમ્પ્યુટી' વ્યક્તિ, કે જે માઉન્ટ એવરેસ્ટની ટોચ પર (૮૮૪૮ મીટર ફ્રોમ ધ ગ્રાઉન્ડ લેવલ) પહોંચી ગઈ. 'એમ્પ્યુટી' એટલે એવી વ્યક્તિ, કે જેના હાથ કે પગ જેવા અવયવોમાંથી એક કે એક કરતા વધારે અવયવ કોઈ કારણસર જેણે ગુમાવી દીધા હોય.

અમુક લોકોએ એમની લાઈફ-સ્ટોરી વિષે સાંભળેલું હશે. પણ છતાંય મારે એમની વાત એક રેફરન્સ તરીકે યુઝ કરવી છે.

અરુણીમા ફૂટબોલ પ્લેયર અને નેશનલ લેવલની વોલીબોલ પ્લેયર હતી. 'Central Industrial Security Force (CISF)'ની એન્ટ્રન્સ એક્ઝામ દેવા માટે એ લખનૌથી ટ્રેનમાં બેઠી. રાત્રે ડબ્બામાં કેટલાક લુંટારા આવી ચડ્યા અને અરુણીમાની બેગ અને સોનાની ચેન લુંટીને એને ચાલુ ટ્રેને બહાર ફેંકી દીધી. ઇન્જરી થઇ હોવાથી એ ત્યાંથી હલી પણ શકી નહી. ને બાજુના ટ્રેક પરથી પસાર થયેલી બીજી ટ્રેન એના પગને છુંદતી નીકળી ગઈ. એ સવાર સુધી ત્યાં જ પડી રહી. લોહી નીકળતું શરીર અને મોટા મોટા ઉંદરડા. એ દર્દભરી ચીસો નાખતી રહી. પણ ત્યાં એનું સાંભળવાવાળું કોઈ નહોતું. સવારે ત્યાંથી એક ભાઈ પસાર થયા અને એને નજીકની હોસ્પિટલ લઇ જવામાં આવી. ડોક્ટરોએ એનો એક પગ કાપી નાખ્યો. પછી એને દિલ્હીમાં AIIMS હોસ્પિટલ લઇ જવામાં આવી અને એને 'પ્રોસ્થેટિક લેગ (કૃત્રિમ પગ) ફીટ કરવામાં આવ્યો. તમને રીયલાઈઝ થયું કે અરુણીમાની આ સ્ટોરીનો ખરાબમાં ખરાબ પાર્ટ કયો હતો? એનું એક્સીડન્ટ થયું, એટલે એ 'CISF'ની એક્ઝામ ના આપી શકી એ?

એની બેગ અને સોનાનો ચેન લુંટાઈ ગયો એ? કે પછી એક્સીડન્ટને લીધે એ હવે લાઈફટાઈમ વોલીબોલ કે ફૂટબોલ નહિ રમી શકે એ? ના. આમાંથી એકપણ નહી. ખરાબમાં ખરાબ પાર્ટ હવે આવવાનો બાકી હતો. ને એ એ હતો કે, પોલીસ ઈન્કવાયરીમાં એવું લખવામાં આવ્યું કે, એના જીજુ જોડે એનું અફેઈર હતું. પણ કંઈ મેળ ના પડતા એણે આત્મહત્યા કરવાની કોશિશ કરી.

આવી વાહિયાત વાતથી એ હિંમત હારી જ ગઈ હોત. પણ એણે હિંમત નહી હારવાનું નક્કી કરેલું. અરુણીમાએ નક્કી કર્યું કે, એને કંઇક એવું કરવું છે કે, જેથી લોકો એને યાદ રાખે. અલગ અલગ ટ્રેઈનર્સની ચોખ્ખી ના હોવા છતાં, એ પોતાના નિર્ણય પર વળગી રહી અને માઉન્ટ-એવરેસ્ટની ટોચ પર પહોંચી.

જો એ અગાઉથી હિંમત હારી ગઈ હોત તો? તો આજે એ ઘરમાં બેસીને રડીરડીને પોતાની સડેલી જિંદગીની દાસ્તાં બધાને સંભળાવતી હોત. પણ એક્ચ્યુલીમાં એ આજે શું કરે છે? એ કરોડો લોકોને એની લાઈફ પરથી પ્રેરણા આપે છે.

ગયા વર્ષે સાબરમતી ફેસ્ટીવલમાં મે ‘ઉડાન’ નામનું એક ગુજરાતી નાટક જોયેલું. ત્યારે એ નાટકનો એ પાંચમો શો હતો અને એમાં અરુણીમાની લાઈફ વણી લીધેલી છે. ભલે અમે એ ફ્રીમાં જોયેલું. પણ ક્યારેક મોકો મળે તો, ભલે ગમે એટલા રુપિયા ખર્ચવા પડે, પણ અચૂક જોવા જેવું એ નાટક છે. નાટકમાં એવરેસ્ટનો સેટ બનાવવો, એ અઘરું કામ છે, ને એમાય જયારે અરુણીમાના કૃત્રિમ પગ અને ઓરીજીનલ પગ વચ્ચેથી જે લોહી નીકળવાનો સીન છે, એ આજે પોણા બે વર્ષ પછી પણ મને એવો ને એવો યાદ છે.

એવરેસ્ટ ચડવાનું શરુ કરનાર બધા એની ટોચ પર પહોંચી શકતા નથી. તમે જયારે ચડતા હોઉં છો, ત્યારે રસ્તામાં તમને થોડા થોડા અંદરે થીજી ગયેલી લાશો પણ જોવા મળે. એ લાશોને જોઇને તમને એવો વિચાર તો આવે જ કે, “હું ટોચ પર પહોંચી શકીશ? કે મારી હાલત પણ આ લાશો જેવી જ થશે?!”



પણ નિષ્ફળતાઓનો ફાયદો એ છે કે, તમારી પાસે આનાથી વધુ ગુમાવવાનું કંઈ નથી. ને જેની પાસે કંઈ ગુમાવવા જેવું નથી, એ ઘણુબધું એચીવ કરી શકે છે.

જયારે તમારી પાસે એક જ ચોઈસ હોય, ત્યારે તમે એમાં જીવ રેડી દેતા હોઉં છો. એક વાર્તા દ્વારા સમજાવું.

એકવાર એક દેશે એક ટાપુ પર હુમલો કર્યો. આ ટાપુ પાસે એટલું બધુ સૈન્યબળ કે હથિયાર નહોતા, કે એ આક્રમણ કરનાર દેશ સામે જીતી શકે. આ ટાપુના રાજાને થયું કે, હારી ગયા પહેલા હાર શું કામ માની લઈએ? એણે આખું સૈન્ય ભેગું કર્યું અને બધાને ઉદ્દેશીને કહ્યું કે, "આપણા ટાપુ પર આપણા જેટલા જહાજો અને હોડકાઓ છે, એને સળગાવી નાખો." સૈન્યને કંઈ સમજાયું નહી. પણ રાજાનો ઓર્ડર હોય, એટલે માનવો જ પડે. એમણે ટાપુની બહાર લઇ જતી ટ્રાન્સપોર્ટની બધી લાઈનો કટ કરી નાખી. ટાપુ પરથી ભાગવાના બધા માર્ગો હવે બંધ થઇ ગયા. ટૂંકમાં સૈન્યને યુદ્ધ કર્યા સિવાય કોઈ છૂટકો જ ન'તો. જો યુદ્ધ જીતે નહી, તો જીવ ગુમાવવો પડે. એટલે જીત્યા સિવાય પણ કોઈ રસ્તો નહતો.

રાજાએ એ પછી પોતાના સૈન્યને ઉદ્દેશીને કહ્યું કે, "હવે જીતવું એ જ તમારા માટે જરૂરી છે. કેમ કે હારની કિંમત તમારો જીવ છે." દરેક સૈનિક પોતાની જિંદગીનું અંતિમ યુદ્ધ હોય એમ લડ્યો અને છેલ્લે જીતીને બતાવ્યું.

એ વાત તો જાહિર જ છે કે, નોર્મલી દોડતા હોય અને કુતરું પાછળ પડ્યું હોય તો સ્પીડ તો કુતરું પાછળ પડ્યું હોય, ત્યારે જ વધુ આવે. બીજે દિવસે એક્ઝામ હોય, તો જ વાંચવાનો મૂડ આવે.

જયારે તમારી લાઈફ સીધી લીટીમાં ચાલવાની બંધ થઇ જાય, ને તમે કોઈક પ્રોબ્લેમમાં ફસાઈ જાવ, ત્યારે વિચારવું કે, આનાથી વધુ ખરાબ પરિસ્થિતિ બીજી કઈ હોઈ શકે? તમારી લાઈફની સૌથી ખરાબ પોઝીશનની કલ્પના કરો અને વિચારો કે, થેંક ગોડ. હાશ. આવું તો મારી સાથે નથી થયું ને. જલસા કરો. કેમ કે, ખરાબ સમય એ પણ મૂળ તો સમય જ છે. ને સમય તો દોસ્ત વહી જ જાય છે. ખરું ને?

PACK UP

Sometimes you have to go through the worst days of life,

only then you can set and achieve your goals.

- Arunima Sinha

વિચાર-વંટોળ

- રાજુલા શાહ
rds_369@yahoo.co.in

પ્રેમના હિંચકે ઝૂલે જે…

એ નાનપણથી હિંચકા પર બેસતા ખુબ જ ડરતી. આજ સુધી એ કોઇપણ રાઈડમાં પણ બેઠી ન હતી. એને ગતિ – સ્પીડ ડરાવતી. પોતાના કંટ્રોલમાં ન રહે એવી સ્પીડથી એ કાયમ ડરતી. ક્યારેક એ હિંચકામાં બેસતી ખરી પણ જો એની સ્પીડ જરા પણ વધવા લાગે તો એ તરત જ પગને જમીન સાથે ઢસડી લેતી. ઉછાળો આવી જતો એને પેટમાં અને દિલ ધબકારા ચુકવા લાગતું. નાનપણથી લઈને આજ સુધી એ હંમેશા હિંચકા પર બેસવાનું ટાળતી જ. ને આજે જ્યારે આટલા વરસે એ હિંમતભેર ઝૂલામાં બેઠી ત્યારે એ ધીમે ધીમે સ્પીડ પકડીને ઝૂલવા લાગી. પેટમાં ઉછાળો પણ આવ્યો. ધબકારા પણ વધવા લાગ્યાં. પણ એ ચુપચાપ ઠેસ લગાવતા લગાવતા એની અંદરની આ અશાંતિ શમે એની રાહ જોવા લાગી. ઝૂલાએ જ્યારે એકધારો લય પકડ્યો ત્યારે એને લાગ્યું કે એનુ હૃદય ધીમે ધીમે લયબધ્ધ થવા લાગ્યું છે. એની ગભરાહટ ધીમે ધીમે શમવા લાગી છે. ધીમે ધીમે એ શાંત થવા લાગી છે. એણે સ્પીડ વધારી. અને એને આ ગતિ, આ લય, આ ઝડપ, આ કાબુ બહારની ગતિ પણ અચાનકથી ગમવા લાગી. એને લાગતું આ એકધારી ગતિમાં પણ પોતે એકદમ જ શાંત અને સ્થિર છે.

યાદ આવી ગયું એને અચાનક જ. એક લાગણી યાદ આવી ગઈ અને લાગણી પાછળનો એનો ડર પણ. એને હંમેશા થતું કે પ્રેમ પણ કંઇક એવી જ વસ્તુ છે. કાબુ બહારની. તમે એને મુઠ્ઠીમાં પકડી ન શકો ક્યારેય પણ. પણ હા, તમે એના પાસામાં જરૂરથી સપડાઇ જાવ. અને એવા સપડાવ કે તમને એની બહાર નીકળવાનો કોઇ રસ્તો જ ના જડે. તમારી આખી જિંદગી આ પ્રેમ નામના તત્વની ગુલામ બનીને રહી જાય. અને આખી જિંદગી આ પ્રેમ તમને નચાવ્યા જ કરે. પ્રેમને એ પોતે એક બાલિશ હરકત, ઘેલછા કે ગાંડપણભર્યા શોખથી વિશેષ એ કશું જ માનતી ન હતી. કાબુ બહારનો પ્રેમ તો એની પોતાની જ સમજની બહાર હતો. અને અત્યાર સુધીની એની પુરી જિંદગી માત્ર 'પ્રેક્ટિકલ અપ્રોચ'થી જ જીવતી એને પ્રેમ શબ્દ જ અકળાવતો. એ એને એક જરુરિયાત માત્ર ગણતી.

પણ અચાનક જ ખુલ્લા ચોખ્ખા આકાશમાં જેમ એકાએક જ ક્યાંકથી કાળા વાદળાઓ છવાઇ જાય એમ એની જિંદગી આ પ્રેમ સાથે હડફેટે ચડી ગઈ. એને ખ્યાલ પણ ન રહ્યો અને એ આ લાગણીમાં બખૂબીથી તણાતી ગઈ. ખચકાટ હતો છતાંયે એણે પહેલ કરવાની હિંમત કરી.

ખબર નહીં ક્યું પરિબળ એને એવી હિંમત આપી ગયું. એણે લાગણીઓને આપોઆપ જ સરકવા દીધી. એ ધીમે ધીમે સમય આપવા લાગી એની લાગણીઓને, સ્વીકારવા લાગી નવા નવા સ્પંદનોને. એના મનમાં પડેલી બધી જ ગાંઠોને એણે ઉકેલવાની કોશિષ કરવા માંડી. શરુઆતમાં એને ખુબ જ ગભરાટ થતો. મીઠું પણ જીરવી ના શકાય એવું દર્દ થવા લાગ્યું. લોહી ગરમ થઈને એની નસોમાં દોડતું. એ ક્યારેક તો સમજી જ ના શકતી આ બધી લાગણીઓને. પણ સમય આપ્યો એણે જાતને અને ધીમે ધીમે એની અંદર બધું જ શાંત થવા લાગ્યું. પ્રેમ પણ. પ્રેમ કે જે એક ગાંડીતુર નદી બનીને એની રગે રગમાં વહેતો હતો એ હવે શાંત અને ઉંડી નદી બનીને વહેવા લાગ્યો. એને સમજાવા લાગ્યું કે ખરેખર પ્રેમ એ કોઇ બંધન નથી. અણિશુધ્ધ લાગણી છે માત્ર. જ્યાં બંધન હોય છે ત્યાં તો પ્રેમ હોઇ જ છે ક્યાં? આ શાંત, ખળખળ વહેતી નદી જેવો પ્રેમ તો તમને હાથ ઝાલીને એનામાં તરતા શીખવે છે. તમે એના વહેણથી ડરતા નથી પણ એની સાથે વહો છો. આંખમાં આંખ નાખીને. એ ક્યાંય પણ જકડી રાખીને તમારો પ્રવાહ રુંધાવા નથી દેતો. એ તમને તમારા વ્યક્તિત્વથી પણ ક્યાંય આગળ લઈ જાય છે. પ્રેમ હંમેશા તમને કંઇ ને કંઇ આપ્યા જ કરે છે. તમે ક્યારેય ના માંગ્યું હોય એ પણ. તમારા મૂળ સુધી જઈને એ તમને જગાડે છે અને તમને એક નવી જ ઊંચાઈએ લઈ જાય છે. જ્યાં કોઇ જ ડર નથી. પરમ શાંતિ છે. સંતોષ છે. જ્યાં તમે તમારી જાતને નગ્ન કરીને જોઇ શકો છો. જેવા છો તેવાં જ રહી શકો છો. પ્રેમ પરમ સ્વિકાર શીખવે છે. જે છે એનો સ્વિકાર અને જે નથી એનો પણ સ્વિકાર. પરમ સ્વિકારની આ જ ક્ષણ કદાચ તમને પરમ ચૈતન્ય સુધી લઈ જાય છે.

હવે એ નિશ્ચિંત થઈને મનચાહ્યા સમયે ઝૂલા પર ઝૂલ્યા કરે છે. એને હવે ગતિ કે કંટ્રોલની કોઇ જ બીક લાગતી નથી. કશું જ બેકાબૂ લાગતું નથી કેમકે હવે એ જાણે છે કે કાબૂમાં ક્યારેય કશું હોતું જ નથી. હવે એનો તાલમેલ સધાય ગયો છે હિંચકા સાથે. એની ગતિ સાથે. એ ઝૂલે છે ત્યારે જાણે એના ધબકારા અને ઝૂલાની ગતિ જાણે એક સરખા લયથી ચાલતા હોય એવું અનુભવે છે. હવે એને વારેવારે પગ જમીન પર ટેકવવાની જરુર નથી પડતી. એ જોરથી એકવાર ઠેસ દઈને પછી બન્ને પગ ઝૂલા પર લઈને આરામથી ઝૂલી શકે છે. આંખ બંધ કરીને સમય વીતાવી શકે છે. પ્રેમમય બનીને શાંતિ અને સમાધિના સ્તરે.

લ્યો... લખાઈ ગઈ કવિતા.

- રાધિકા પટેલ

ગદ્યકાવ્ય : માયાવી જાદુગર

અચાનક ખુલી ગયેલી બારીમાંથી ધસી આવ્યું
સોનેરી કિરણોનું સૈન્ય;
ડબામાં કેદ સૂર્યને છોડાવવા...!

ટ્રેનના ખડી પડેલા પાટા
છોડપર ઉગી નીકળેલા લીલાછમ પાંદડાને જોઈ
બેઠા થઇ ગયા છે
ફરી.
ને કાન સરવા કરી સાંભળી રહ્યા છે
ડાળીપર કોઈ ફૂલ ઉગી નીકળવાની સીટી...!

તે કાગળપર ચીતરેલી નદીમાં
મેં
મારા ચહેરાપરનો થાક ધોઈ નાખ્યો છે
અને તાકી રહી છું તારા શબ્દોના એ સિંહાસનને.
આખરે તો ત્યાં બેસી મારે રક્ષણ કરવાનું છે એક હૃદયનું...!

તારી બે આંખોના છેદનબિંદુપર રચાતાં અરીસામાં ઉભી છે
એક સ્વપ્નસુંદરી...!
જે મથામણ કરી રહી છે-અરીસાની રેખાઓને ઉકેલવાનો.
ત્યાં જ અચાનક અરીસો આંચકી લીધો,
એક માયાવી જાદુગરે..

ખુલ્લાદ્વાર - રંગમંચ

- શૈલેષ જોશી 'આર્યન'

A small tribute to BIG B on his 70th birthday

પડદો ખૂલે ત્યારે એ આવે? એવું ક્યારેય નથી બન્યું.
એ આવે ત્યારે જ પડદો ખૂલે!

રંગબેરંગી રોશનીની ઝાકઝમાળ વચ્ચે રંગમંચ પર જેના પ્રવેશમાત્રથી
આખું ઓડિટોરિયમ ઊભું થઈ જાય.

હજારો હાથની તાળીઓ એની સમૃદ્ધિની સાક્ષી પૂરી જાય,
એના મુખમાંથી વહેતી શબ્દ ગંગા
કેટલાંય કાનને કાનજીની કક્ષાએ મૂકી દે.

ઓડિટોરિયમની બહાર
ટિકિટવંચિત માણસની આંખમાંથી વહી રહેલી
નિરાશાની નદીના પેટાળમાં
વલખા મારતી ઝંખનાઓ
એની રંગમંચની બાદશાહતની ચાડી ખાતી હોય એવું લાગે.



અંતે એ રંગમંચ છોડે, પડદો પડી જાય.
ને આખું ઓડિટોરિયમ જોતજોતામાં આથમી જાય,
ને પછી...
અડધી રાતે, સન્નાટા વચ્ચે, ઘોર અંધારમાં,
રંગમંચનો રાજા, ઓડિટોરિયમનો આફતાબ,
રંગમંચ પર પોતાના વેરવિખેર થયેલાં
અસ્તિત્વના ટૂકડઓને ભેગા કરવા વ્યર્થ વલખા મારે છે.

ઓડિટોરિયમની એક ખુરશીને બાથ ભરી એના અસ્તિત્વની
ભીખ માગતા માગતા ધ્રુસકે-ધ્રુસકે રડી પડે છે.
પણ એના ધ્રુસકાં સાંભળે કોણ?
ભીની થઈ બંધ એલોઝનની આંખો,
ભીની થઇ કરુણાસભર બંધ કેમેરાની કીકી,
છેવટે ઓડિટોરિયમનાં ધ્રુસકાં
ખુરશીની ઓથ લઈ પોઢી જાય છે!

‘પંખ’ની
ઉડાનમાં
સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
મનોરી શાહ
અનંત ગોહિલ
વિરલ જોશી
કેયુર દુધાત

સહૃદય આભાર

ભૂષણ મેહતા (Front & Back Cover)
(www.knowbbm.com)
મીરા જોશી
રાધિકા પટેલ
રાજુલા શાહ
શૈલેષ જોશી

અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+919904918168

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

https://www.instagram.com/pankh_emagazine/

PHOTOGRAPHY